


# હજારો પેમેન્ટ અકાઉન્ટ્સ બંધ કરવા પાછળના કારણો

**સ્ક્રોલિંગ**

★ હરિત મુનશી

ઓનલાઈન ટ્રાન્ઝેક્શનમાં ભારત દુનિયામાં પહેલા ક્રમે છે. 11 એપ્રિલ, 2016થી દેશમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ- UPI પેમેન્ટની ઓનલાઈન સર્વિસ શરૂ થઈ હતી. કેન્દ્ર સરકાર ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપે છે પરિણામે દેશમાં ઓનલાઈન ટ્રાન્ઝેક્શનનો માહોલ બન્યો છે. UPIને દુનિયાની સૌથી સફળ પેમેન્ટ સિસ્ટમ પણ ગણવામાં આવે છે. યુઝર્સના આંકડાની રીતેય અને ટ્રાન્ઝેક્શનની સંખ્યાની બાબતેય આ સૌથી વિશાળ પેમેન્ટ સિસ્ટમ છે. UPI પેમેન્ટના 30 કરોડ મન્થલી એક્ટિવ યુઝર્સ છે. UPIની પેમેન્ટ સિસ્ટમ સાથે દેશની 350 કરતાં વધુ બેંકો જોડાયેલી છે અને ભારતમાં મહિને સરેરાશ 670 કરોડ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન થાય છે અને એમાં મન્થલી એવરેજ 11-12 લાખ કરોડ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થાય છે. ગત ઓગસ્ટ માસમાં 15.7 લાખ કરોડ રૂપિયાના ઓનલાઈન વહેવારો થયા હતા, જે નવો રેકોર્ડ છે પણ ઓનલાઈન પેમેન્ટમાં આપણે આગળ છીએ એમ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ પણ સૌથી વધુ આપણે ભારતીયો બનીએ છીએ. ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં સૌથી આગળ હોવાથી ભારતીય યુઝર્સ હેકર્સના નિશાના પર રહે છે અને દરરોજ 2 લાખ હુમલાનો ખતરો મંડરાતો હોય છે. દેશમાં ઓનલાઈન આર્થિક છેતરપિંડીનું પ્રમાણ જાન્યુઆરી-2020થી જૂન-2023ના સમયગાળામાં 50% જેટલું વધી ગયું છે. UPI, ઈ-બેંકિંગના આધારે છેતરપિંડીના કિસ્સામાં ચિંતાજનક વધારો થયો છે. સોશ્યલ મીડિયામાં લિંક મોકલીને કે વીડિયો કોલથી આચરાતા ફ્રોડમાં 12%નો વધારો 2 વર્ષમાં થયો છે. આ અહેવાલ IIT કાનપુરના નિષ્ણાતોએ આપ્યો હતો.

આવી સ્થિતિ વચ્ચે સરકારે ઓનલાઈન છેતરપિંડી રોકવા કેટલાંક પગલાં ભરવાનું શરૂ કર્યું છે. ઓનલાઈન ટ્રાન્ઝેશનમાં વેરિફિકેશનના સ્ટેપ્સ તો વધ્યા જ છે પરંતુ તે સિવાયના નિર્દેશો પણ ઓથોરિટીએ પેમેન્ટ કંપનીઓને આપ્યા છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ તમામ મોટી ઓનલાઈન પેમેન્ટ સર્વિસને એવો જ મહત્ત્વનો આદેશ આપ્યો છે પેમેન્ટ અકાઉન્ટ્સ ડીલિટ કરવાનો.

જી હા, Google Pay, PhonePe, Paytm જેવા પ્લેટફોર્મ્સ સેંકડો યુઝર્સના અકાઉન્ટ્સ આગામી એક મહિનામાં બંધ કરી દેશે પણ તેનાથી ગભરાવાની બિલકુલ જરૂર નથી. આ વાત તમામ યુઝર્સને લાગુ પડતી નથી. હેકિંગના કિસ્સા ઘટે અને નિષ્ક્રિય અકાઉન્ટ્સને હેકર્સ ટાર્ગેટ ન કરે તે માટે પેમેન્ટ ઓથોરિટીએ નિષ્ક્રિય અકાઉન્ટ્સને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. ઘણા કિસ્સામાં અમુક યુઝર્સે ખૂબ અનિવાર્ય હોય ત્યારે ટ્રાન્ઝેક્શન માટે અકાઉન્ટ્સ ઓપન કર્યા હોય. થોડા મહિના એ અકાઉન્ટનો ઉપયોગ થયો હોય પણ પછી એનો ઉપયોગ બંધ થઈ ગયો હોય. અકાઉન્ટ એક્ટિવ હોય એટલે એ UPI નંબર કે અકાઉન્ટની વિગતોને આધારે હેકર્સ યુઝર્સને ટાર્ગેટ કરી શકે. આમેય રૂટિન એક્ટિવ અકાઉન્ટ ન હોય એટલે એના યુઝર્સ પણ ખાસ પેમેન્ટ ફ્રેન્ડલી ન હોય. પરિણામે લિંક મોકલીને કોઈ ઓફરનો પ્રસ્તાવ રજૂ થાય ત્યારે એ એપ ખૂલે કે તરત જ અકાઉન્ટ્સ સાફ થઈ જાય.

છેતરપિંડીની ફરિયાદ થાય પછી જ્યારે સાઈબર ક્રાઈમ વિભાગ તપાસ હાથ ધરે ત્યારે વારંવાર એવા કિસ્સા વધી ગયા છે કે વપરાશકર્તાએ એક નંબરથી અગાઉ UPI રજિસ્ટ્રેશન કર્યું હોય, પછી બીજા મોબાઈલ નંબરથી બીજી વખત રજિસ્ટ્રેશન કરાવી નાખે. સામાન્ય રીતે બધી જ સર્વિસમાં એક જ મોબાઈલ નંબર આપવાની અવેરનેસ નથી હોતી, પરિણામે નંબર ડીલિટ કર્યા વગર યાને જૂના મોબાઈલ નંબરનું ડીરજિસ્ટ્રેશન કર્યા વગર નવા નંબરથી UPI શરૂ થઈ જાય છે. એના કારણે જૂના નંબર પરથી છેતરપિંડીનો ખતરો યથાવત રહે છે.

કેટલાક કિસ્સામાં યુઝર્સે એકથી વધુ પેમેન્ટ એપમાં રજિસ્ટ્રેશન કરાવ્યું પણ સમયાંતરે કોઈ એક જ એપનો ઉપયોગ વધુ થતો હોય. જેમ કે એક સમયે Paytm મોબાઈલ રીચાર્જથી લઈને વીજ બિલ, ગેસ બિલ, મૂવી-બસ ટિકિટ સુધી ખૂબ જ ઉપયોગી પ્લેટફોર્મ હતું અને એ સિવાયના પેમેન્ટ પ્લેટફોર્મમાં બધી સુવિધા મળતી ન હતી પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. ગૂગલ પે કે ફોન પેમાં પણ બધી સુવિધા મળી જાય છે એટલે સમયાંતરે યુઝર્સને ગૂગલ પે જેવી કોઈ એક એપ અનુકૂળ આવી જાય તો બીજી એપ ઓપન કરવાનો પ્રશ્ન જ રહે નહીં પણ એ એપમાં તેમના KYC હોય એટલે જો એપને હેકર ટાર્ગેટ કરે તો ડેટાની ચોરી થઈ શકે ને યુઝર પર આર્થિક છેતરપિંડીનું જોખમ રહે. એ સ્થિતિ ટાળવા માટે પેમેન્ટ ઓથોરિટીએ એક વર્ષથી એક્ટિવ ન હોય એવા તમામ અકાઉન્ટધારકોને નોટિફિકેશન આપ્યા બાદ એ બંધ કરવાની તાકીદ કરી છે.




**નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ Google Pay, PhonePe અને Paytm વગેરેને પેમેન્ટ અકાઉન્ટ્સ બંધ કરવાનો આદેશ આપ્યો છે. પરિણામે જાન્યુઆરીથી સેંકડો અકાઉન્ટ્સ કાયમ માટે બંધ થઈ જશે. શું તમે એ લિસ્ટમાં છો?**

Google Pay, PhonePe કે Paytm જેવી જે એપ્સનો ઉપયોગ નિયમિત થતો હોય એ યુઝર્સના અકાઉન્ટમાં કોઈ ફેરફાર નહીં થાય. તેમના અકાઉન્ટ બંધ થવાનું જોખમ નથી. છેલ્લાં એક વર્ષ દરમિયાન જે અકાઉન્ટ્માં કોઈ રકમ ક્રેડિટ થઈ હશે કે કોઈ રકમ ડેબિટ થઈ હશે તો તેમના અકાઉન્ટ્સ ચાલુ રહેશે. એ સિવાયના નિષ્ક્રિય અકાઉન્ટ્સ બંધ થશે. હજારો UPI ID બંધ થશે ને 2024 પછી UPI અકાઉન્ટ્સનો કુલ આંકડો ઓછો થશે. કુલ યુઝર્સમાં ઘટાડો થશે પરંતુ તેનાથી ઓનલાઈન પેમેન્ટમાં સલામતી વધશે. છેતરપિંડીના કિસ્સા ઘટે, યુઝર્સની સુરક્ષા વધે તે માટે પેમેન્ટ ઓથોરિટીએ આ સમયસરનો નિર્ણય લીધો છે.